# અક્ષરધામ સંકુલમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા.૨

ગાંધીનગરના અક્ષરધામ મંદિરની રજત જ્યંતિ ઉજવણીમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નેરન્દ્ર મોદી આજે પહોંચ્યા હતા. રજત જ્યંતિને લઈને અક્ષરધામ મંદિરને ભવ્યરીતે શણગારવામાં આવ્યું હતું. મોદી અને મહંત સ્વામીની ઉપસ્થિતિમાં જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મોદીએ આ કાર્યક્રમમાં ભાગ લીધા બાદ ઉપસ્થિત સંતો અને લોકોને સંબોધન પણ કર્યું હતું. મોદીએ પોતાના સંબોધનમાં પ્રમુખ સ્વામી મહારાજની સેવા ભાવનાને યાદ કરી હતી અને કહ્યું હતું કે, પ્રમુખ સ્વામી મહારાજને હંમેશા તેમની ચિંતા રહેતી હતી. પ્રમુખ સ્વામી મહારાજ સાથે તેઓ હંમેશા સંપર્કમાં રહેતા હતા. અક્ષરધામ મંદિર સાથે જોડાયેલા સમુદાયની મોદીએ ભરપુર પ્રશંસા કરતા કહ્યું હતું કે, શિસ્તના મામલામાં દરેકને બોધપાઠ લેવાની જરૂર છે. મોદીએ કહ્યું હતું કે, અક્ષરધામ મંદિર ખુબ જ સુંદર છે. ભક્ત તરીકે અક્ષરધામ મંદિરમાં પ્રવેશ ન કરનાર પણ એક ભક્ત તરીકે જ મંદિરમાંથી બહાર નિકળે છે. અક્ષરધામ મંદિર ભવ્યતાના પ્રતિક તરીકે છે તેમ જણાવીને મોદીએ કહ્યું હતું કે, અક્ષરધામ મંદિર ભવ્યતા



અને દિવ્યતાના એક સ્વરુપ તરીકે છે. મોદીએ પોતાના સંબોધનમાં પ્રમુખ સ્વામી દ્વારા કરવામાં આવેલા કાર્યોની વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, આધુનિક ટેકનોલોજી એક બાજુ છે અને બીજી તરફ સંતોની અભૂતપૂર્વ કામગીરી છે. યુવાનોને તૈયાર કરવા માટે સાળંગપુરમાં ટ્રેનિંગ સેન્ટર બનાવવામાં આવ્યું હતું. તેમણે આની કામગીરીની વાત કરતા કહ્યું હતું કે, અહીં ટ્રેનિંગ મેળવતા યુવાનોમાં ખુબ જ શિસ્ત જોવા મળે છે. ખુબ જ કઠોર ધારાધોરણો પાળવામાં આવે છે. પ્રમુખ સ્વામી મહારાજે માત્ર મંદિરો જ બનાવ્યા નથી બલ્કે સામાજિક ચેતનાના કેન્દ્રો ઉભા કર્યા છે. નર્મદા યોજના જ્યારે પુરી થઇ છે ત્યારે પ્રમુખ સ્વામી મહારાજને સંતોષ થયો હશે તેવી આશા મોદીએ વ્યક્ત કરી હતી. મોદીએ આ પ્રસંગે ઉપસ્થિત રહેવા બદલ ગર્વની લાગણી અનુભવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારે ઉત્સુકતા વચ્ચે આજે સાંજે અમદાવાદ એરપોર્ટ આવી પહોંચ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું હતું. પીએમ મોદી માત્ર અક્ષરધામ મંદિરની રજત જ્યંતિના સમારોહમાં ભાગ લેવા માટે ગુજરાત પહોંચ્યા હતા. એરપોર્ટથી પીએમ મોદી તરત રાજભવન જવા રવાના થઇ ગયા હતા. ત્યાંથી તેઓ લગભગ ૬.૪૦ વાગે ગાંધીનગર ખાતે આવેલ અક્ષરધામ મંદિર પહોંચ્યા હતા.

## હા... સાહેબ !

“અરે વાહ..! તમારે ત્યાં તો લાઈન લાગતી જાય છે હવે..! પ્રવિણરામ બાકી હતા તેય આવી ગયા..?!”

“આ તમે ઈર્ષ્યા કરો છો કે ચિંતા કરો છો..?!”

“ના...રે...ના..! અમારે શું કામ ઈર્ષ્યા કરવી પડે..?! કે ચિંતાય શું કામ કરવી પડે..?! કોનામાં કેટલું કૌવત છે એ આખુ ગુજરાત જાણે છે..!!”

“હા...હા... આખુ ગુજરાત જાણે છે... ને ૧૮મીએ જ તમારો ભ્રમ ભાંગશે..! ત્યારે તમને ખબર પડશે કે વિકાસ ગાંડો છે કે ડાહ્યો.... સાચો છે કે ખોટો... ભ્રમ છે કે બ્રહ્મ..?!”

“ઓ હો હો..! ચાર આંદોલનવાળાનો ટેકો મળી ગયો એટલે જાણે જંગ જીતી ગયા હોય એવો વ્હેમ મારો છો..!! જો જો તો ખરા આ બધા પરપોટા ફુટવા માંડશે ત્યારે ખબર પડશે..!!”

“હજુ વાસ્તવિકતાનો સ્વીકાર કરો તો ડેમેજ કંટ્રોલ થઈ શકશે..! તમને તો એવું જ છે કે અમારો કિલ્લો અકબંધ છે... ખેરીયત ખેરીયત જ છે..!! પણ બધેય બધું પોલુ છે..! તમે જે સમજો છો... તમે જેવું વિચારો છો..! તમે જેવું માનો છો તેવું ક્યાંય નથી..!”

“ના... ના... એટલે તમે શું કહેવા માંગો છો..?! અમે હારી જઈશું એવું તમે માનો છો..?! અમારી વોટબેન્ક અકબંધ છે... અને પ્રજા વિકાસની સાથે છે..!“

“જોયું નહિ કાલે પટેલ સમાજના આગેવાનોએ કહી દીધુ કે હાર્દિકનું આંદોલન પ્રાઈવેટ છે સમાજનું નથી... સમાજ ભાજપ સાથે છે..!!”

“હં...હં... એટલે તમે રાજી રાજી થઈ ગયા..?! એ પત્રકાર પરિષદ પછી સોશ્યલ મીડિયામાં થયેલો સંદેશાઓનો મારો કેવો અને કેટલો છે એ ટાઈમ કાઢીને જરા જોઈ લેજો.. તો ચિત્ર સ્પષ્ટ થઈ જશે..!!”

“તમેય ખરા છો..! તમે સોશ્યલ મીડિયા... સોશ્યલ મીડિયા... વિશ્વાસ કોણ કરે છે સોશ્યલ મીડિયા પર..?! કેટલા ઉપયોગ કરે છે..?! શું એની અસર..?! ગપ્પા આવે છે ગપ્પા એમાં તો..!!”

“વાહ ગઈ ચૂંટણીમાં સોશ્યલ મીડિયા જ તમારૂ તારણહાર હતું..! સાહેબ કે’ છે ટેકનોલોજી સાથે અપડેટ થાઓ... ટેકનોલોજીથી દેશનો ચહેરો બદલી નાંખીશુ...! ફેસબુક-ટ્વીટર અને વોટ્સઅપ પર પ્રચાર કરવાના વર્કશોપ તો તમે ચલાવ્યા..!! અને હવે..?! ગાજરની પીપુડી વાગી ત્યાં સુધી..! એવું જ ને..?!”

“એવું કાંઈ જ નથી..!! અમારા મેસેજ પણ તમે જુઓ... અમારી ક્લીપો સાંભળો..! અમે પણ ઉપયોગ કરીએ છીએ ટેકનોલોજીનો..!! પણ તમારી જેમ માત્ર ને માત્ર એના આધારે જ નથી ચાલતા..!! અમારી પાસે બીજા ઘણાં માર્ગો છે..! ઘણા મુદ્દા છે..! તમારી જેમ અલ્પેશ-હાર્દિક-જિજ્ઞેશ અને પ્રવિણરામ સિવાય કઈ છે જ નહિ..!!”


“જોજોને..! આ બધુ તો તમારી નિરાશાની નીપજ છે..! તમારી યુવા વોટબેન્ક તુટી રહી છે એનું ટેન્શન દેખાય છે..! આ ચાર યુવાનો માત્ર ચાર યુવાનો જ નથી..! મુદ્દાઓ છે... દૃષ્ટિ છે... સામાજીક મહત્વાકાંક્ષાઓ છે અને ગુજરાત પરત્વે પ્રતિબધ્ધતા છે... નવું લોહી છે... નવા ચહેરાઓ છે... ગુજરાતની દશા અને દિશા બદલી શકશે એવા વિશ્વાસ સાથે તેઓ દોડી રહ્યાં છે..!!”

“બસ... બસ..! જાત-પાતના ભેદ ભુંસાઈ જાય અને ગુજરાત માટે પ્રતિબદ્ધતા ખીલી ઉઠે તો એનાથી રૂડુ શું હોઈ શકે..?! ખરૂને..?!”

“જય જય ગરવી ગુજરાત... દીશે..!!”

- નિમિત્ત માત્ર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અમે હવે છેલ્લા રસ્તા તરીકે... ગરીબી, બેકારી, તુટેલા રસ્તાને વિદેશમાં ભારતની વિશેષતા તરીકે બ્રાન્ડીંગ કરી દેશવાસીને ગર્વ અપાવીશું...!!

# વિધાનસભાની ચૂંટણીમાં ૨૦થી વધુ બ્રાહ્મણોને ટીકીટ આપવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા. ૨

વિશ્વભરમાં જ્ઞાન અને શિક્ષાની જ્યોતિ પ્રકટાવનાર બ્રાહ્મણ સમુદાય સદા-સર્વદાથી સમાજને સાચી દિશા ચીંધતો આવ્યો છે. વેદ, ઉપનિષદ અને પુરાણ જેવા ધાર્મિક અને આધ્યાત્મિક ગ્રંથોનો સંદેશો માનવ સમાજ સુધી પહોંચાડવામાં બ્રહ્મસમાજનું યોગદાન અતુલ્ય રહ્યુ છે. ગુજરાત અને દેશના રાજકારણમાં પણ બ્રાહ્મણોનો સિંહફાળો રહ્યો છે અને રાજ્યની ઘણી બેઠકો ઉપર બ્રાહ્મણોના વોટ રાજકીય પક્ષની જીત-હારમાં મહત્વની ભુમિકા ભજવી શકે તેમ છે. આમ છતાં સુઆયોજીત ષડયંત્ર હેઠળ બ્રાહ્મણ ઉમેદવારોને ચૂંટણી લડવા માટે ટીકીટ અપાતી નથી અને તેમનું રાજકીય અસ્તિત્વ અને નેતૃત્વ ખતમ કરવાના પ્રયાસો થઈ રહ્યાં છે.

ગુજરાત બ્રહ્મ પડકારના સંયોજક પૃથ્વી ભટ્ટે આજે મીશન ૨૦+ અંતર્ગત વિધાનસભાની ચૂંટણીમાં બ્રાહ્મણ સમાજને વસતીને આધારે ૨૦ થી વધુ બેઠકો ફાળવવા માટે અગ્રણી રાજકીય પક્ષોને અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં આશરે ૪,૦૨ કરોડ મતદારોમાંથી અંદાજે ૩૮ લાખ બ્રાહ્મણ મતદાર છે. આ સંજોગોમાં ઘણી બેઠકો ઉપર ઉમેદવારની હાર-જીત માટે બ્રાહ્મણોના મત નિર્ણાયક બની રહેશે.

એક અંદાજ મુજબ ગુજરાતની કુલ વસતીમાં અંદાજે ૧૨ ટકા બ્રાહ્મણ છે અને કુલ મતદારોમાં ૧૧ ટકા બ્રાહ્મણ છે. ત્યારે બ્રાહ્મણ સમાજના સક્ષમ યુવાનોને રાજકીય મેદાનમાં ઉતરે અને બ્રાહ્મણોનું રાજકીય પ્રતિનિધિત્વ કરે તથા રાજ્યના વિકાસમાં સિંહફાળો આપે તે હેતુથી ૨૦ થી વધુ બેઠકો ફાળવવાની મુખ્ય રાજકીય પક્ષો સમક્ષ માંગ કરવામાં આવી છે.

પૃથ્વી ભટ્ટે ઉમેર્યું હતું કે, ૨૦મી નવેમ્બરથી ઉના, સોમનાથ, વેરાવળ, પ્રભાસપાટણ, સાસણ, જુનાગઢ, જેતપુર, ગોંડલ, રાજકોટ, મોરબી, હળવદ, મણિનગર, લુણાવાડા, માંડવી, અબડાસા, કેશોદ, વેજલપુર, વડોદરા, આણંદ, સુરેન્દ્રનગર, વઢવાણ, ધ્રાંગધ્રા, ધંધુકા, લીંબડી, બાવળા અને સાણંદ જેવી બ્રાહ્મણોનું પ્રભુત્વ ધરાવતી બેઠકો ઉપર ખાટલા સભાનું આયોજન કરવામાં આવશે અને જો બ્રાહ્મણ ઉમેદવારને ટીકીટ નહીં અપાય તો અપક્ષ તરીકે તરીકે બ્રાહ્મણ ઉમેદવાર ઉભા રખાશે. આ ઉપરાંત નોટાનો વિકલ્પ પસંદ કરવા માટે પણ જનતાને પ્રોત્સાહિત કરાશે. જો રાજકીય પક્ષો સમાજની માગને સ્વિકારશે નહી તો પક્ષના દિગ્ગજ નેતાઓને હરાવવાના તમામ પ્રયાસો પણ કરવામાં આવશે.

હાલના સમયમાં વિધાનસભાની ૧૮૨ બેઠકોમાં ભાજપમાંથી ચાર અને કોંગ્રેસમાંથી એક બ્રાહ્મણ ધારાસભ્યો છે. બ્રાહ્મણોની વસતીની સામે તેમનું પ્રતિનિધિત્વ ખુબજ ઓછું હોવાની હકીકતને જોતાં આગામી સમયમાં યોજાનારી ચૂંટણીમાં સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવે તથા બ્રાહ્મણોનો માત્ર વોટબેંક તરીકે ઉપયોગ ન કરવામાં આવે તેવી પ્રબળ માંગણી કરવામાં આવી છે.

## લેકાવાડા ગામે જક્ષણી માતાના મંદિરે અન્નકુટ યોજાશે

લેકાવાડા ગામે આવેલ જક્ષણી માતાના મંદિર ખાતે કારતક સુદ ૧૫ને શનિવારના રોજ તા.૪ નવેમ્બરના રોજ મંદિર ખાતે અન્નકુટ દર્શન માટે સૌ ભકતોને દર્શનનો લાભ લેવા મંદિરના સેક્રેટરી અમરસિંહ વાઘેલા દ્વારા અનુરોધ કરાયો છે.

# ટીચર્સ યુનિવર્સિટીને નેશનલ કાઉન્સિલ ફોર ટીચર્સ એજ્યુકેશન દ્વારા મંજુરી

ગાંધીનગર તા ૨

કેન્દ્ર સરકાર દ્વારા સે-૧૫ સ્થિત ટીચર્સ યુનિવર્સિટીને નેશનલ કાઉન્સિલ ફોર ટીચર્સ એજ્યુકેશનની મંજુરી આપવામાં આવી છે. હાલ ૧૨ એકરમાં પથરાયેલા સંકુલમાં ૨ થી ૪ વર્ષના જુદા જુદા ૯ કોર્ષ ચાલે છે. વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી.

સે-૧૫ સ્થિત આઈ આઈ ટી ઈમાં ૨ થી ૪ વર્ષના જુદા જુદા ૯ કોર્ષ ચાલે છે. વર્ષ ૨૦૧૦ દરમિયાન ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. આઈ આઈ ટી ના વાઈસ ચાન્સેલર ડો શશીરંજન યાદવે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ગાંધીનગરમાં સે-૧૫ ખાતે ૧૨ એકરમાં પથરાયેલુ સંકુલ સરકારે યુનિવર્સિટીને આપ્યુ છે. નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરી સંકુલને વિકસાવી રહયા છે. સરકારે બે વર્ષ અગાઉ સંસ્થાને સેન્ટ્રલ યુનિવર્સિટીની માન્યતા આપવા માટે પણ કેન્દ્ર સરકારને દરખાસ્ત કરી છે. જે હાલ વિચારણા હેઠળના તબક્કામાં છે. આ સંસ્થા દ્વારા ગ્લોબલ શિક્ષકો તૈયાર કરવામાં આવી રહયા છે. ટેકનોલોજીના જમાનામાં કલાસરૂમ ટીચિંગ, શિક્ષક અને વિદ્યાર્થીઓનો સંપુર્ણ મતલબ અને વ્યક્તિત્વ બદલાઈ ગયુ છે. વિદ્યાર્થીઓની બૌધ્ધિક ક્ષમતા ટેકનોલોજીના લીધે વધી છે. તેવા સમયમાં બંધ ઓરડા ચોક ડસ્ટર માત્રથી ભણાવતા શિક્ષકોની જગ્યાએ ગ્લોબલ ટેકનોલોજી મેથોડોલો સમજી શકતા , નવી તકનીકનો ઉપયોગ કરતા , વિદ્યાર્થીઓના અઘરા પ્રશ્નોના જવાબ આપી શકે તેવા બૌધ્ધિક તરલતા વાળા શિક્ષકો સમાજને અને વિશ્વને આપી શકાય તેવા ઉદેશ્યથી ટીચર્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને નોકરીમાં મદદ થાય તેવી,ઉદ્યોગ સાહસિકતા વિકસાવે તેવી સ્કિલ વિકસાવવાનુ ઉમદા કામ પણ કરવામાં આવી રહયુ છે.દરેક વિદ્યાર્થીઓમાં અલગ અલગ સ્કીલ હોય છે. જેને ધ્યાને લઈ ડાન્સ , ડ્રામા અને પેઈન્ટીંગથી લઈને તમામ કોર્ષ તરફ ધ્યાન આપવામાં આવે છે. પર્સનાલીટી ડેવલપ કરવાના ભાગરૂપે યોગા,ભારતીય સંસ્કૃતિ,નૈતિક મુલ્યોની સમજ આપી મેનર્સ અને એટીકેટ પણ શીખવાડવામાં આવે છે. વિદ્યાર્થીઓને ખાસ હોર્સ રાઈડીંગની ટ્રેઈનીંગ પણ આપવામાં આવે છે. આ યુનિના ૧૮૦ યુવક યુવતિઓએ ઘોડે સવારીમાં ભાગ લીધો હતો.

જેનાથી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ અને ક્ષમતા વધે છે. યુનિવર્સિટીમાં ૨.૫૦ કરોડના ખર્ચે સ્કીલ સેન્ટર વિકસાવાયુ છે. કેન્દ્ર સરકાર દ્વારા કેબિનેટ બેઠકમાં નેશનલ કાઉન્સિલ ફોર ટીચર્સ એજ્યુકેશન એક્ટ (સુધારા) ૨૦૧૭ અન્વયે માન્યતા આપવામાં આવી છે. જેના પગલે જે યુનિવર્સિટી રીસર્ચ એજ્યુકેશનના કોર્ષ ચલાવી રહી છે તેને પાછળની અસરથી માન્યતા આપવામાં આવી છે. જે યુનિવર્સિટીઓ નેશનલ કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજયુકેશનની પરવાનગી વિના અભ્યાસક્રમ ચલાવતી હતી તેવી સંસ્થાઓને પાછળથી માન્યતા મળી છે.

# ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના હોદેદારોની નિમણુંક



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની વ્યવસ્થાપક સમિતિની તાજેતરમાં બેઠક મળી હતી. આ બેઠકમાં સમિતિના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

નવ નિયુકત હોદ્દેદારોમાં ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના ચેરમેનપદે દિલીપસિંહ ચૌહાણ, વાઈસ ચેરમેનપદે સુરેશકુમાર મહેતા, મેનેજીંગ ડિરેકટર પદે કેતનકુમાર પટેલ, હિસાબ સમિતિના ચેરમેન રેણુકાબેન પટેલ અને દૂધ સમિતિના ચેરમેન પદે ભાનુમતીબેન રોહિતની નિમણુંક કરવામાં આવી છે. તમામ હોદ્દેદારોની વરણી વ્યવસ્થાપક સમિતિની બેઠકમાં સર્વાનુમતે કરવામાં આવી હતી.

# જિલ્લામાં ૭૩ ગામ અને ગાંધીનગર શહેરમાં મતદાર જાગૃતિ અભિયાન સંપન્ન થયુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં મતદાર જાગૃતિ અભિયાનની ઝુંબેશમાં અત્યાર સુધીમાં ૭૩ જેટલા ગ્રામ્ય વિસ્તાર અને ગાંધીનગર શહેરને આવરી લેવામાં આવ્યુ હોવાનું જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર એચ.એમ. જાડેજાએ જણાવ્યુ હતુ.

પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યુ હતુ કે કલોલ વિધાનસભા મતવિસ્તારના ૩૦ ગામ, ગાંધીનગર (ઉ) બેઠકમાં ગાંધીનગર શહેર અને ૧૨ ગામ, ગાંધીનગર (દ) બેઠકમાં ૮ ગામ, માણસા બેઠકના ૧૫ ગામ અને દહેગામના ૮ ગામનો સમાવેશ થાય છે.

આગામી દિવસોમાં મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમ સઘન બનાવવામાં આવશે. જિલ્લામાં ૩૦૩ ગામ છે અને ૪ નગરો અને ૧ મહાનગર છે.

તેમણે જણાવ્યુ હતુ કે તંત્ર દ્વારા ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. તાલિમ પણ કર્મચારીઓને આપવામાં આવી રહી છે. સ્ટાફ માટેની ડેટા એન્ટ્રી પૂર્ણ થઈ ચુકી છે.

જિલ્લામાં ચૂંટણીના સુયોગ્ય સંચાલન માટે ૧૭ જેટલા નોડલ ઓફિસરોની નિયુક્તી કરાઈ છે અને તેમના હાથ નીચે વિવિધ ટીમોએ કામગીરી હાથ ધરી દીધી છે. ફ્લાઈંગ સ્કવોડ પણ કાર્યરત થઈ ચુક્યુ છે. જિલ્લામાં સ્ટેટીક સર્વેલન્સ ટીમ ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ તે કાર્યરત થઈ જશે.

તેમણે કહ્યુ હતુ કે મતદાર સહાયતા માટે ટોલ ફ્રી સેવા પણ કાર્યરત કરી દેવામાં આવી છે.

ગાંધીનગર તાલુકાના ચિલોડામોટા ઉમિયાનગર સોસાયટી ખાતે દર વર્ષની પરંપરા મુજબ જનક મહિલા ભજન મંડળ અને કૃષ્ણ મહિલા ભજનમંડળના સંયુક્ત ઉપક્રમે કારતક સુદ-૧૩ના ગુરૂવારના રોજ ભવ્ય તુલસીવિવાહનો ધાર્મિક કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ. આ ધાર્મિક પર્વમાં સવારે ૯ વાગે ભગવાન લાલજીના માતા-પિતા કૈલાસબેન અંબાલાલ અને મામા-મામી તરીકે જયંતિલાલ કેશવલાલ, કૈલાસબેન જયંતિલાલના યજમાનપદે વાજતે-ગાજતે ભગવાન લાલજીની શોભાયાત્રા નીકળી હતી. આ પ્રસંગે ચિલોડા ગામના ચોકમાં ભક્તજનો રાસ-ગરબાના તાલે ઘુમી ભક્તિનો માહોલ જામ્યો હતો. ત્યારબાદ ભગવાન લાલજીની શોભાયાત્રાનું આગમન રાજુભાઈ પટેલના ત્યાં પધરામણી કરી હતી. આ દરમ્યાન ૧.૩૦ વાગે સામૈયુ કરી લગ્ન સ્થળે તુલસીના માતા-પિતા તરીકે કમળાબેન હિરાભાઈ પટેલને ત્યાં પ્રસ્થાન કર્યુ હતુ. તુલસીમાતાના મામા-મામી તરીકે સંગીતાબેન મહેશભાઈએ સ્થાન શોભાવ્યુ હતુ. આ પ્રસંગે રાજુભાઈ રાવલે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ગણેશસ્થાપન, મંડપ મુહૂર્ત, શોભાયાત્રા, મામેરૂ, હસ્તમેળાપ અને અંતમાં કન્યાવિદાય પ્રાસંગિક પ્રસંગો દ્વારા તુલસીવિવાહ મહોત્સવ ઉજવાયો હતો.



**iNDEXTb** INDUSTRIAL EXTENSION BUREAU (A Government of Gujarat Organization)

Industrial Extension Bureau, managing Mahatma Mandir Convention Center and Helipad Exhibition Centre, invites quotation in prescribed format from interested agencies for supply of various electrical materials. Interested agencies can view and download the detailed document from our website www.indextb.com during 03rd November 2017 to 06th November 2017.

iNDEXTb reserves the rights to accept or reject any one or all of the bids without assigning any reason whatsoever.

**Managing Director**
Industrial Extension Bureau,
18/2, UdyogBhavan,
Gandhinagar 382 010.
Phone: 079-23250492/93

iNDEXTb INDUSTRIAL EXTENSION BUREAU (A GOVT. OF GUJARAT ORGANISATION) ISO 9001 : 2015 Certified

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ